દાખલ તારીખ :– ૨૪–૦૭–૨૦૨૦
રજીસ્ટર તારીખ :– ૨૪–૦૭–૨૦૨૦
ફેસલ તારીખ :– ૨૫–૦૩–૨૦૨૬
**સમય ગાળો:–** વર્ષ–માસ–દિવસ
૦૫– ૦૮ – ૦૧

**મે.વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં, મુ.વસો.જી.ખેડા–નડીયાદ**

**રેગ્યુ.દિવાની મુકદમા નંબર :–૦૫/૨૦૨૦**
**આંક :**

**વાદીઓ :– સ્વ. જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીના વારસો**
(૧) અશ્વિનભાઈ તે જયંતિભાઈ ત્રિવેદીના પુત્ર જાતે તથા
ઉ.વ.આ.૪૫, ધંધો–નોકરી,

(૨) ધર્મિષ્ઠાબેન તે જયંતિભાઈ ત્રિવેદીના પત્ની ના કુલમુખત્યાર તરીકે,
(આંક–૩૬ ના હુકમ મુજબ ડીલીટ કર્યા)
ઉ.વ.આ.૬૭, ધંધો–નિવૃત,
બંને રહે. પાણીની ટાંકી પાસે, મુ.રામોલ, તા.વસો

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ:– (૧) સ્વ. રમણભાઈ છોટાભાઈ ત્રિવેદીના વારસો**
(એ) સવિતાબેન તે રમણભાઈ ત્રિવેદીના પત્નિ,
ઉ.વ.પુખ્ત, ધંધો–,
(બી) અરવિંદભાઈ તે રમણભાઈ ત્રિવેદીના પુત્ર,
ઉ.વ.પુખ્ત, ધંધો–,
(સી) મહેશભાઈ તે રમણભાઈ ત્રિવેદીના પુત્ર,
ઉ.વ.પુખ્ત, ધંધો–,
(ડી) ભાનુભાઈ તે રમણભાઈ ત્રિવેદીના પુત્ર,
ઉ.વ.પુખ્ત, ધંધો–,

**(૨) સ્વ રતિલાલ છોટાભાઈ ત્રિવેદીના વારસો**
(એ) મંજુલાબેન તે રતિલાલ ત્રિવેદીના પત્નિ,
ઉ.વ.પુખ્ત, ધંધો–,
(બી) અશોકભાઈ તે રતિલાલ ત્રિવેદીના પુત્ર,

ઉ.વ.પુખ્ત, ધંધો–,

(સી) મુકેશભાઈ તે રતિલાલ ત્રિવેદીના પુત્ર,
ઉ.વ.પુખ્ત, ધંધો–,

(ડી) નયનાબેન તે રતિલાલ ત્રિવેદીના પુત્રી,
ઉ.વ.પુખ્ત, ધંધો–,

(ઈ) દર્શનાબેન તે રતિલાલ ત્રિવેદીના પુત્રી,
ઉ.વ.પુખ્ત, ધંધો–,

(૩) સુમનભાઈ છોટાભાઈ ત્રિવેદી,
તમામ રહે. પાણીની ટાંકી પાસે, મુ.રામોલ, તા.વસો, જી.ખેડા

**<u>દાવો રૂા.૬૭૦૩–૯૫/– ના આંકથી વહેચણી વિભાજન અને મનાઈ હુકમનો સીપીસી કલમ–૯ હેઠળ દાવો</u>**

---

વાદીઓ તરફે વિ. વકીલ શ્રી : ડી.કે.ઠાકર
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી : એ.એમ.પટેલ

---

## –: ઠરાવ :–

**(૧)** આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ સ્વ. જંયતિભાઈ છોટાભાઈ ત્રિવેજીના વારસો છે. માતા અને પુત્ર છે. વાદી નં. ર ૬૭ વર્ષ ઉમરના કારણે કોર્ટ કચેરીના ધકકા ફેરા ખાઈ શકે તેમ ન હોવાથી વાદી નં. ૧ તમેના પુત્ર હોવાના નાતે તેઓને જનરલ કુલમુખ્યાતનામુ કરી આપેલ છે. તેઓ દાવાના પક્ષકારો કુટુંબીજનો છે. અને સૌ સ્વ. છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેજીના વારસો છે. જેઓ આશરે ૫૦ વર્ષ અગાઉ ગુજરી ગયેલ હતા. સ્વ. છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીના પત્ની નર્મદાબેનનુ અવસાન આશરે બાવન વર્ષ પહેલા થયુ હતુ. તેમને સંતાનોમાં પાંચ દીકરાઓ હતા જે પૈકી એક દીકરા સ્વ.લક્ષ્મીશંકર નિર્વશ ગુજરી ગયા છે. અને બીજા પુત્ર સુમનભાઈ તે હયાત છે અને તેમણે લગ્ન કરેલા નથી અપરિણિત છે. જે આ દાવાના પ્રતિવાદી નં. ૩ તરીકે સામેલ છે. છોટાભાઈના અન્ય સંતાનો પૈકી પુત્ર સ્વ. રમણભાઈનુ અવસાન થયેલ છે. અને તેમના વારસો પ્રતિવાદીઓ ૧ એ થી ડી નાઓ છે. બીજા પુત્ર સ્વ.રતિલાલ પણ ગુજરી ગયેલા છે તેમના વારસો પ્રતિવાદીઓ ર એ થી ઈ નાઓ છે

. તથા ત્રીજા પુત્ર સ્વ.જયંતિભાઈનુ અવસાન સને ૨૦૧૮ માં થયુ હતુ અને સ્વ. જયં તિભાઈના વારસો વાદીઓ છે.

વધુમાં જણાવે છે કે, સ્વ. છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીના વારસોની વારસાઈ હકકની વણવહેચાયેલી મિલકત વસો તાલુકાના રામોલ ગામમાં આવેલી છે. જે મિલકત અનુક્રમે આ મુજબ છે. અને વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાવાળી વણવહેચાયેલી જમીન મીલકતો જે મોજે ગામ કરોલી(કલોલી) તા.વસો, જી.ખેડામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

| <u>ગામ રામોલ</u> | <u>સર્વે/બ્લોક નંબર</u> | <u>ક્ષેત્રફળ</u> | <u>આકાર</u> |
|---|---|---|---|
| | ૨૬૬ | ૧–૬૨–૯૧ | રૂા.૨૨–૦૬ |
| | ૨૬૬/બ | ૦–૧૫–૪૬ | રૂા.૧–૮૧ |
| | ૪૫૩ | ૦–૨૩–૭૮ | રૂા.૩–૦૬ |

ઉપરોકત જમીનો વણવહેચાયેલી વારસાહકકની ખેતીની જમીનો છે. તથા એક રહેણાંકની મિલકત આવેલી છે જેના રામોલ ગ્રામ પંચાયતમાં મિલકત નંબર–૫૧૯ છે. ઉપરોકત તમામ મિલકતોમાં તેઓ પક્ષકારોના નામ ચાલે છે. અને તમામનો વણવહેચાયેલો હિસ્સો અને હકક હિત સમાયેલા છે.

વધુમાં જણાવે છે કે, વાદીઓ આ મિલકતોના આકારણી કર ભરતા આવેલા છે અને ઈલેકટ્રીક કનેકશન પણ વાદી નં. ૧ અશ્વિનભાઈના નામે લીધેલુ છે. રહેણાંક વાળી મિલકત–૫૧૯ માં અવાર નવાર વાદીઓએ અંગત રીતે ખર્ચ કરી રીનોવેશન પણ કરાવેલ છે. અને રહેણાંક ઘરને વ્યવસ્થિત રીતે રાખેલ છે. આ મિલકત નં. ૫૧૯ વાળા મકાનમાં ઉત્તર અને પશ્ચિમ તરફના ભાગમાં વાદીઓ છેલ્લા સીત્તેર વર્ષથી વસવાર કરી રહયા છે. તથા મકાનના દક્ષિણ ભાગ તરફ પ્રતિવાદીઓ ૧ એ થી ડી અને ૩ ના ઓ રહે છે. જયારે મકાનના દક્ષિણ ભાગના ઉતરના માળે પ્રતિવાદીઓ ૨ એ થી ઈ ના ઓ રહે છે. વાદીઓએ મકાનમાં રહેવાની મૌખિક સમજુતિ કરેલી છે જેની સરસ નરસ કકડા વાર વહેચણી થયેલ નથી તેમ જ વહેચણી કરી અલગ હીસ્સામાં સૌના પોતપોતાના

નામ દાખલ થાય હોય તેમ બનેલ નથી પણ બધા પક્ષકારોના નામ સંયુકત ચાલે છે. સને ૨૦૧૮ સુધી તેમના પિતા હયાત હતા ત્યાં સુધી આ સહમાલીકીના મકાનના ઉત્તર–પશ્ચિમના ભાગે ભોંયતળીયા વાળી મિલકતમાં રહેતા હતા. વાદીઓની વણવહેચાયેલી મિલકત મકાન નં. ૫૧૯ ની ઉત્તરે મિલકત નં. ૫૧૮ આવેલી હતી જે મિલકત પણ ઘણા વર્ષોથી ખુલ્લી હતી મિલકત નં. ૫૧૯ ની પુર્વ દીશાએ આ મકાનનો ભાગનો ખુલ્લો ચોક દાખલ થયઈને મકાન નં. ૫૧૯ ઓરડામાં દાખલ થવાય છે. મિલકત નં. ૫૧૮ વાળી મિલકત વાદી નં. ૧ ના કાકાના દિકરા પ્રતિવાદી નં. ૧ (ડી) ભાનુભાઈ રમણભાઈનાઓએ વીસ વર્ષ અગાઉ ખરીદી હોવાનુ જણાવે છે પરંતુ આ મિલકત ૫૧૮ ની દક્ષિણ દીશાએ મિલકત નં. ૫૧૯ તરફ કોઈ બાંધકામ છેલ્લા સીત્તેર વર્ષથી હતુ નહી. વાદીઓની સ્થળ પર ગેરહાજરીનો ગેરલાભ લઈ પ્રતિવાદી નં. ૧(ડી) ભાનુભાઈએ સહીયારા વણવહેચાયેલા મકાનની ઉત્તરે છેલ્લા પંદર દિવસોમાં ગેરકાયદેસર એક દીવાલ ઉભી કરી દીધી છે. જે ગેરકાયદેસર દીવાલ આશરે પંદરેક ફુટની હશે. ૫૧૮ વાળી આગવી મિલકતમાં રીનોવેશન કરતા હોવાનુ જણાવી ભાનુભાઈ મિલકત જોડાજોડ હોવાનો ગેરલાભ લઈ ૫૧૯ વાળી સહીયારી મિલકતમાં દબાણ ઉભુ કરી રહયા છે જે દબાણ વાદીઓના વપરાશ હિસ્સાવાળા ભાગમાં થઈ રહયુ છે અને તેમ કરીને પ્રવિતાદી નં. ૧(ડી) ભાનુભાઈ ૫૧૯ નંબર વાળા મકાનની ડીસ્ટર્બ કરી રહયા છે. વાદીઓએ સક્ષમ ઓથોરીટીઓ ગ્રામ પંચાયત, તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા વિકાસ અધિકારી સમક્ષ ગેરકાયદેસર બાંધકામની ફરીયાદ અરજીઓ રજીસ્ટર ટપાલથી કરી છે પણ આ વહીવટી અધીકારીઓ મારફતે આજ દીન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

વધુમાં દાવાનુ કારણ આપતા જણાવે છે કે, આ કામના પ્રતિવાદીઓએ છેલ્લા એક મહીનાથી મિલકત નંબર–૫૧૮ ના બાંધકાના નામે મિલકત નંબર.૫૧૯ વાળી વણવહેચાયેલી વારસાઈહકક વાળી મિલકતના ચોકમાં ગેરકાયદેસર બાંધકામથી પંદર ફુટની દીવાલ ઉભી કરી ચોક બંધ કર્યો અને વાદીના કબજા ભાગમાં આવેલી મિલકતમાં

અવર જવર કરવાનો માર્ગ સાંકડો કર્યો તથા પોલીસ ફરીયાદ થતાં પ્રતિવાદીઓને સુલેહ અને શાંતિ જાળવાવની તાકીદ કરવામાં આવી જેથી આ દાવો દાખ કરવાનુ કારણ ઉભુ થયુ છે. આજ પ્રમાણે પ્રતિવાદીઓએ વાદીઓને ખેતીની જમીન ખાતા નંબર ૩૦૦ વાળી બ્લોક નંબરો ૨૬૬, ૨૬૬/અ અને ૪૫૩ વાળી જમીનોમાં પણ અન્યાય કરેલો છે. આ ખેતીની કુલ જમીન કુલ જમીન ૨૦૨–૧૫ ગુંઠા થાય છે. જેના ૧/૪ ભાગમાં વાદીઓનો હીસ્સો રહેલો છે તે ગણતા વાદીઓ ૫૦–૫૪ ગુંઠાના હીસ્સેદાર છે તેમ છતાં વાદીને માત્ર ૨૩ ગુંઠા જમીન ખેડવા આપેલી છે અને તમેના હીસ્સામાં આવતી બાકીની ૨૭–૫૪ ગુંઠા જમીન પ્રતિવાદીઓ ખેડી રહયા છે અને આ રીતે પણ વાદીઓને નુકશાન થઈ રહ્યુ છે. તેમ જણાવી દાવા અરજીનાં પેરા–૧૭ માં (એ) થી (એચ) સુધીની નીચે મુજબની દાદ માંગેલ છે. (એ) વાદીઓની સ્વ. જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીના હિસ્સા વાળી ૧/૪ હિસ્સાની વસો તાલુકાની રામોલ ગામના ખાતા નંબર–૩૦૦ પૈકી બ્લોક/સર્વે નં. ૨૬૬ જેના ક્ષેત્રફળ ૧–૬૨–૯૧ તથા આકાર રૂા.૨૨–૦૬ વાળી ખેતીની જમીનમાં વાદીઓનો ૧/૪ વારસાઈ હકક, હિસ્સો પોષાય છે તેવુ ઠરાવી આપી તેવી જમીનની સરસ નરસ કકડાવાર વહેચણી યાને મીટસ એન્ડ બાઉન્ડસ પાર્ટીશન કરી આ કામના પ્રતિવાદીઓ વાદીઓને શાંત અને ખાલી પ્રત્યક્ષ કબજો સોંપે અને તેમના નામ સ્વતંત્રપણે દાખલ કરાવી આપે તે મતલબનો હુકમ તથા હુકમનામુ કરી આપવા મે. કરશોજી. (બી) વાદીઓની સ્વ. જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીના હિસ્સા વાળી ૧/૪ હિસ્સાની વસો તાલુકાની રામોલ ગામના ખાતા નંબર–૩૦૦ પૈકી બ્લોક/સર્વે નં. ૨૬૬/બ જેના ક્ષેત્રફળ ૦–૧૫–૪૬ તથા આકાર રૂા.૧–૮૧ વાળી ખેતીની જમીનમાં વાદીઓનો ૧/૪ વારસાઈ હકક, હિત, હીસ્સો, ભાગ પોષાય છે તેવુ ઠરાવી આપી તેવી જમીનની સરસ નરસ કકડાવાર વહેંચણી યાને મીટસ એન્ડ બાઉન્ડસ પાર્ટીશન કરી આ કામના પ્રતિવાદીઓ વાદીઓને શાંત અને ખાલી પ્રત્યક્ષ કબજો સોંપે અને તેમના નામ સ્વતંત્રપણે દાખલ કરાવી આપે તે મતલબનો હુકમ તથા હુકમનુ કરી આપવા મે. કરશોજી. (સી) વાદીઓની સ્વ. જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીના હિસ્સા વાળી ૧/૪

હિસ્સાની વસો તાલુકાની રામોલ ગામના ખાતા નંબર–૩૦૦ પૈકી બ્લોક/સર્વે નં. ૪૫૩ જેના ક્ષેત્રફળ ૦–૨૩–૭૮ તથા આકાર રૂા.૩–૦૬ વાળી ખેતીની જમીનમાં વાદીઓનો ૧/૪ વારસાઈ હકક, હિત, હીસ્સો, ભાગ પોષાય છે તેવુ ઠરાવી આપી તેવી જમીનની સરસ નરસ કકડાવાર વહેંચણી યાને મીટસ એન્ડ બાઉન્ડસ પાર્ટીશન કરી આ કામના પ્રતિવાદીઓ વાદીઓને શાંત અને ખાલી પ્રત્યક્ષ કબજો સોંપે અને તેમના નામ સ્વતંત્રપણે દાખલ કરાવી આપે તે મતલબનો હુકમ તથા હુકમનુ કરી આપવા મે. કરશોજી. આ ત્રણેય સર્વે નંબરોની ખેતીની જમીનની જવા આવવા રસ્તાના અધિકાર સાથેની સરસ નરસ કકડાવાર વહેંચણી કરી આપશોજી. (ડી) વાદીઓની સ્વ. જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીના હિસ્સા વાળી ૧/૪ હિસ્સાની વસો તાલુકાની રામોલ ગામના મકાન નંબર–૫૧૯ વાળા રહેણાંક મકાનમાં વાદીઓનો ૧ /૪ વારસાઈ હકક, હિત, હીસ્સો, ભાગ પોષાય છે તેવુ ઠરાવી આપી તે મિલકતની સરસ નરસ કકડાવાર વહેંચણી યાને મીટસ એન્ડ બાઉન્ડસ પાર્ટીશન કરી આ કામના પ્રતિવાદીઓ તેમના મકાનના ઉતર ભાગના કબજાને હાની પહોચાડવા હકકદાર નથી તેવુ ઠેરવો. તથા આ મિલકતમાં તેમના નામ સ્વતંત્રપણે દાખલ કરાવી આપે તે મતલબનો હુકમ તથા હુકમનુ કરી આપવા મે. કરશોજી. (ઈ) આ કામના પ્ર તિવાદીઓ વાદીઓની સહમાલીકી વાળી અને કબજાવાળી મિલકત નંબર–૫૧૯ ના ઉતર ભાગમાં વાદીઓને વાપરઉપભોગ કરતા કોઈ પણ પ્રકારે હેલો, હરકત થાય નહી. અંતરાય કે અટકાવ કરે કરાવે નહી. તે મતલબનો જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધનો આપવા હુકમ કરવા મે. કરશોજી. (એફ) આ કામના પ્રતિવાદીઓ મિલકત નં . ૫૧૮ નુ કોઈ પણ પ્રકારનું બાંધકામ મિલકત નંબર– ૫૧૯ ની જગ્યામાં કરવા હકકદાર નથી તેમ ઠેરવી સહીયારી મિલકત ૫૧૯ વાળી જગ્યામાં ઉભી કરેલ પંદર ફુટ દિવાલને પ્રતિવાદીઓ તેમના ખર્ચે દુર કરે તે મતલબનો આજ્ઞાકારી હુકમ કરવા મે. કરશોજી. તથા સહીયારી મિલકત ૫૧૯ ના ચોકમાં કે કોઈ પણ ખુણા કે જગ્યાએ વહેં ચણી વગર કોઈપણ પ્રકારનુ બાંધકામ કરવા પ્રતિવાદીઓ હકકદાર નથી તેવુ ઠરાવી પ્ર

તિવાદીઓ સામે જાથુનો મનાઈ હુકમ ફરમાવવા હુકમ તથા હુકમનામુ કરી આપશોજી. (જી) દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદી પસોથી અપાવશોજી.(એચ) નામદાર કોર્ટને યોગ્ય અને ન્યાયી લાગે તેવી દાવાને આનુષંગીક હરકોઈ દાદ આપવવા અરજ કરેલ છે.

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસો પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં. ૧ (એ),(સી), (ડી) તથા ૨(બી), (સી), (ઈ) તથા ૩ નાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ વાદીની દાવા અરજીનો લેખિત જવાબ આંક-૧૭ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા-૧ માં જણાવેલ હકીકત બાબતે પ્રતિવાદીઓને કોઈ તકરાર નથી. તેમજ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમા જણાવેલ અન્ય હકીકતો ખરી ન હોવાનુ જણાવી, ખરી હકીકતે જણાવેલ છે કે, પ્રતિવાદીઓ તથા વાદી એકજ કુટુંબના સભ્યો છે. અને પક્ષકારોના વાદી નર્મદાબેન છોટાભાઈ ત્રિવેદીનું અવસાન આજથી આશરે ૨૦ વર્ષ પહેલા થયેલુ અને તેમના પહેલા પ્રતિવાદી નં. ૧(એ) ના પતિ તથા નં. ૧ (બી),(સી),(ડી) ના પિતાનુ અવસાન થયેલુ અને તેમના દાદીનું અવસાન થતાં પહેલા વાદીના પિતા જયંતીભાઈ છોટાભાઈ ત્રિવેદીનાઓ તથા રતીલાલ છોટાભાઈ ત્રિવેદી અલગ રહેવા ગયેલા અને તેમણે તેમના પુજાના સ્થાન પણ અલગ બનાવેલા અને તેમની રસોઈ પણ અલગ રસોડે બનતી હતી. અને આજે પણ એજ રીતની વ્યવસ્થા ચાલુ છે. પ્રતિવાદી નં. ૧(એ) નાઓની સાથે તેમના સાસુ નર્મદાબેન મરણ થતાં સુધી રહેલા અને તેમની દવાદારુનો ખર્ચ તેમજ તેમનુ ભરણપોષણ પ્રતિવાદી નં. ૧ કરતા હતા. અને તેમની મરણોત્તર ક્રિયાનો ખર્ચ પણ તેઓ એકલા એજ કરેલ છે. તેજ રીતે પ્રતિવાદી નં. ૧(બી,સી,ડી) ના કાકા લક્ષ્મીશંકર તથા તેમના પત્નિ શાંતાબેન પણ તેઓની સાથે રેહતા હતા અને તેમની સેવા ચાકરી તથા દવાદારુ નો ખર્ચ પણ તેઓએ કરેલ છે અને તેમની મરણોત્તર ક્રિયાની વિધીનો ખર્ચ પણ તેઓએ કરેલ છે. અને તેઓની સારી રીતે સેવાચાકરી અને સારસંભાળ પ્રતિવાદી નં. ૧ નાએ કરેલ છે. હાલમાં પ્રતિવાદી નં. ૩ નાઓ પ્રતિવાદી નં. ૧ નાઓ સાથે રહે છે. તથા તેમની સારસં

ભાળ તથા સેવાચાકરી તથા દવાદારુનો ખર્ચ વર્ષોથી તેઓ કરતા આવેલા છે. તેઓ અપરણીત હોઈ તમેના સિવાયબીજુ કોઈ દરકાર કરતું ન હતુ. જેથી વર્ષોથી તેમની કાળજી લેતા લેતા આવેલા છે. વાદી ઘણા સમથે ડી.એન.હાઈસ્કુલ આણંદ ખાતે રહે છે. જે તેમની નોટીસના જવાબમાં સ્વીકારેલ છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, પ્રતિવાદી નં. ૧ નાઓ ઘર નં. ૫૧૯ માં નીચેના ભાગે રહે છે તથા ઉપરના માળે પ્રતિવાદી નં. ૨ ના વારસો પ્રતિવાદી નં. ૨ (ડી) અને ૨ (સી) રહે છે. અને ઘર નં. ૫૧૯ વાળી મિલકતનો ચોક તથા રસ્તો તેની બરાબર સામે પડે છે. અને જે સીધો ફળીયાના રાજમાર્ગ સાથે જોડાઈ જાય છે. જે મિલકત વાદી તથા પ્રતિવાદીઓની સહીયાદી છે. વાળી પ્રતિવાદીએ વાદીને તેમનો હીસ્સો ઘર નં. ૫૧૯ માં મળેવી લેવા નોટીસ આપેલ જેનો વાદીએ ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. આ કામના પ્રતિવાદીએ ૩/૩ ના લીસ્ટથી રજુ કરેલ આકારણી પત્રકમાં ૩૧૮ વાળી મિલકતમા પ્રતિવાદી ન. ૧ (ડી) નુ નામ છે. અને સદર મિલકત તેમના પિતાએ જગ્ગાનાથ ઉમીયાશંકરનાઓની પાસેથી ખરીદેલ છે. અને વાદીએ રજુ કરેલ ૩/૫ ના આકારણી પત્રકમાં મીલકતનો જુનો નંબર ૪૧૦ દર્શાવેલ છે. અને જેમાં મીલકતના વર્ણનમાં મકાન લખેલ છે. અને જેમાં જગ્ગાનાથ ઉમીયાશંકરનુ નામ છે. તથા ૧૯૭૩–૭૪ ની નકલ જોતાં પ્રતિવાદી નં. ૧ નુ નમ છે. અને સદર મિલકત તેઓને જગ્ગાનાથ ઉમીયાશંકર પાસેથી વેચાણ રાખેલ છે. પ્રતિવાદી નં. ૧ રમણભાઈ છોટાભાઈ ત્રિવેદીનુ અવશાન થતાં સદર મિલકત તેમના અન્ય વારસદારોની સંમતીથી ભાનુભાઈ રમણભાઈ ત્રિવેદી પ્રતિવાદી નં. ૧(ડી) ના નામે કરાવેલ છે જેના આકારણીની નકલ ૩/૩ થી વાદીએ રજુ કરેલ છે. અને જેમા પણ મીકલતનો ઉલ્લખે મકાન તરીકે કરેલો છે. અને સદર મીલકતનો તેઓ વેરો ભરે છે. અને સદર ઘરનુ મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડનનુ વીજ કનેકશન પ્રતિવાદી નં. ૧ (ડી) ધરાવે છે. અને જેનો વેરો તથા લાઈટ બીલ પણ તેઓ ભરે છે. આમ વાદીએ રજુ કરેલા દસ્તાવેજો જોતાં સદર ૫૧૮ વાળી મિલકત પ્રતિવાદીની આગવી માલીકીની છે.

તેવુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. ઘર નં. ૫૧૯ માં પ્રતિવાદીઓ રહેતા હોઈ મકાન નં. ૫૧૮ વાળી મિલકત પ્રતિવાદી નં. ૧ (ડી)ની માલીકીની છે. તેના પુર્વ ભાગે વાદીને પ્રતિવાદી નં. ૧(ડી)એ રહેવા માટેની સંમતી આપેલ છે. વાદી જયાં રહે છે ત્યાંથી ૫૧૮ અને ૫૧૯ ની સહીયારી દિવાલની વચ્ચેથી રસ્તો કાઢી આપેલ છે જે રસ્તો ફળીયામાં ૫૧૯ ના ચોકમાં ભળી ફળીયામાં જાય છે. આમ આ કામના વાદી મિલકતમાંથી છઠ્ઠા ભાગનો હીસ્સો મેળવવા માટે હકકદાર છે જે તેઓને તેમના પિતાની હયાતીમાં આપી દીધેલ છે. તેમજ દાવામાં જણાવેલ ઘર તથા ખેતીની જમીનોમાં વાદી છઠ્ઠા ભાગની મીલકત સિવાય વધારાનુ કાયદેસરનુ કોઈ હકક હિત ધરાવતા નથી. અને પક્ષકારોની સંયુકત માલીકીની વાદીએ જણાવેલ ૨૦૦ ગુંઠા જમીન પૈકીની બ્લોક નં. ૪૫૩ વાળી ૨૪ ગુંઠા જમીન ચંદાભાઈ લલ્લુભાઈને આપી દીધેલ હોય સંયુકત માલીકીની ૧૭૬ ગુંઠા જમીન હાલમાં વાદી તથા પ્રતિવાદીઓના કબજામાં છે. જે પૈકીની બ્લોક નં. ૨૬૬ વાળી જમીનમાંથી ૨૪ ગુંઠા જમીન તથા ૨૬૬ બ, માંથી પાંચ ગુંઠા જમીન વાદીના પિતાને આપેલી જે પાંચ ગુંઠા જમીન વાદીના પિતાએ અન્યને વેચાણ આપવાની પેરવી કરતા પ્રતિવાદી નં. ૧ નાએ તેમની પાસેથી વેચાણ લઈ લીધેલી. જેથી હાલમાં વાદીના હીસ્સે આવતી છઠ્ઠા ભાગની જમીનમાંથી વાદી ઉપજ નીપજ મેળવી તેનો વાપર ઉપભોગ કરે છે અને તેનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીનો છે. છતાં તેમના પિતાના અવસાન પછી ખોટી રીતે તકરારો ઉભી કરી તેઓને હેરાન પરેશાન કરવા તથા તેઓને સમાજમાં બદનામ કરવા સારુ ખોટી હકીકતો વાળો દાવો કરેલ છે. જે ખર્ચ સાથે રદૃ થવાને પાત્ર છે રદૃ કરવા વિનંતી કરેલ છે.

આ કામે વાદી તરફે આંક-૨૪ થી રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીનો જવાબ ખરો ન હોવાનુ જણાવી દાવા અરજીની હકીકતો જણાવેલ છે.

આ કામે વાદી દ્વારા આંક-૫ થી મનાઈ અરજી દાખલ કરવામાં આવેલ જે મનાઈ

અરજીનીનો નિકાલ આંક–૧ ના આખરી નિકાલ સાથે કરવાનો હુકમ અમારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા કરેલ છે.

(૩) ત્યારબાદ આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી અશ્વિનભાઈ જયંતિભાઈ ત્રિવેદીનુ સરતપાસનુ સોગંદનામુ | ૪૦ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ત્રિવેદી છોટાભાઈ ગણપતભાઈ ના પેઢીનામાના સોગંદનામાની નકલ | ૪૩ |
| ૨ | રામોલના મિલકત નં. ૫૧૯ વાળા મકાનની આકારણીનો દાખલો | ૪૪ |
| ૩ | રામોલના મિલકત નં. ૫૧૮ વાળા મકાનની આકારણીનો દાખલો | ૪૫ |
| ૪ | રામોલ પંચાયતના ઠરાવની નકલ | ૪૬ |
| ૫ | સને ૧૯૫૧ થી ૧૯૫૫ મિલકત આકારણીની નકલ | ૪૭ |
| ૬ | સને ૧૯૫૫ થી ૧૯૫૭ મિલકત આકારણીની નકલ | ૪૮ |
| ૭ | સને ૧૯૫૭ થી ૧૯૬૧ મિલકત આકારણીની નકલ | ૪૯ |
| ૮ | સને ૧૯૬૧ થી ૧૯૬૨ મિલકત આકારણીની નકલ | ૫૦ |
| ૯ | સને ૧૯૬૨ થી ૧૯૬૮ મિલકત આકારણીની નકલ | ૫૧ |
| ૧૦ | સને ૧૯૬૮ થી ૧૯૭૪ મિલકત આકારણીની નકલ | ૫૨ |
| ૧૧ | મિલકત નં. ૫૧૯ માં આવેલા વિજકનેકશન બીલની નકલ | ૫૩ |
| ૧૨ | રામોલના મિલકત નં. ૫૧૯ વાળા મકાનની ટેક્ષ ભર્યાની પાવતી | ૫૪ |
| ૧૩ | રામોલના મિલકત નં. ૫૧૯ વાળા મકાનની ટેક્ષ ભર્યાની પાવતી | ૫૫ |
| ૧૪ | મિલકત નં. ૫૧૮ ના રીનોવેશનમાં મિલકત નં. ૫૧૯ વાળી મિલકતમાં કરાતા દબાણના ફોટોગ્રાફસ | ૫૬ |
| ૧૫ | મહેળાવ ચેપ્ટર કેસ અનુક્રમ નંબર ૪૩૫/૨૦૨૦ થી ૪૪૨/૨૦૨૦ ના નકલ ફીની પહોંચની નકલ | ૫૭ |
| ૧૬ | મહેળાવ ચેપ્ટર કેસ અનુક્રમ નંબર ૪૩૫/૨૦૨૦ થી ૪૪૨/૨૦૨૦ ના ટી પ્પણ પાના નં. ૭ થી ૮૨ ની નકલ | ૫૮ |

| | | |
|---|---|---|
| ૧૭ | વાદીએ સરપંચ/તલાટી રામોલનાઓને આપેલ અરજીની નકલ | ૫૯ |
| ૧૮ | રામોલ સરપંચને અરજી મળ્યાની એકનોલેજમેન્ટની નકલ | ૬૦ |
| ૧૯ | વાદીએ તાલુકા વિકાસ અધિકારી વસોને આપેલ અરજીની નકલ | ૬૧ |
| ૨૦ | તાલુકા વિકાસ અધિકારીને અરજી મળ્યાની એકનોલેજમેન્ટ | ૬૨ |
| ૨૧ | વાદીએ જીલ્લા વિકાસ અધિકારીને આપેલ અરજીની નકલ | ૬૩ |
| ૨૨ | જીલ્લા વિકાસ અધિકારીને અરજી મળ્યાની એકનોલેજમેન્ટ | ૬૪ |
| ૨૩ | રામોલના ખાતા નંબર ૩૦૦ ના ગામનો નમુનો ૮ ની પ્રમાણીત નકલ | ૬૫ |
| ૨૪ | રામોલના ખાતા નંબર ૨૬૬ ના ગામનો નમુનો ૭ ની પ્રમાણીત નકલ | ૬૬ |
| ૨૫ | રામોલના સર્વે નંબર ૨૬૬/બ ના ગામનો નમુનો ૭ ની પ્રમાણીત નકલ | ૬૭ |
| ૨૬ | રામોલના સર્વે નંબર ૪૫૩ ના ગામનો નમુનો ૭ ની પ્રમાણીત નકલ | ૬૮ |
| ૨૭ | વાદીના કુલમુખત્યારનામાની નકલ | ૬૯ |
| ૨૮ | મિલકતના કુલ ૨૯ નંગ ફોટોગ્રાફસ અસલ | ૭૦ |
| ૨૯ | ફોટોગ્રાફસના બીલની અસલ | ૭૧ |

ત્યાર બાદ વાદી તરફે આંક–૭૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **પ્રતિવાદી સાહેદનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી ભાનુભાઈ રમણભાઈ ત્રિવેદીનુ સરતપાસનુ સોગંદનામુ | ૮૦ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | જુના બાંધકામ કરતી વખતે પુજામાં બેઠેલા બાળકોનો ફોટો | ૮૨ |
| ૨ | ૫૧૯ નો ખુલ્લો ચોક અને ૫૧૮ માં જવાનો રસ્તો દર્શાવતો ફોટો | ૮૩ |
| ૩ | મીલકતની ચર્તુદીશા અને માપ દર્શાવતુ તલાટી કમ મંત્રીનુ પ્રમાણપત્ર ટીકા નં. ૫૧૮ | ૮૪ |
| ૪ | મીલકત નં. ૫૧૮ સીધા પટ્ટામાં છે તે બતાવતુ નકશા સાથેનુ પ્રોપર્ટીકાર્ડ | ૮૫ |
| ૫ | મીલકત નં. ૫૧૯ નુ પ્રોપડી કાર્ડ | ૮૬ |

ત્યાર બાદ આંક–૯૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(પ) આ કામે વાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ આંક–૯૪ થી લેખીત દલીલો રજુ રાખેલ છે. તેમજ પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ આંક–૯૬ થી લેખીત દલીલો રજુ રાખેલ છે. પક્ષકારોની લેખીત દલીલ વંચાણી લીધી. વાદી તથા પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ હોય જે ઘ્યાને લીધી.

(૬) આ કામે સદરહુ દાવાના નિર્ણય અર્થે અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા આંક–૩૪ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | Whether the Plaintiffs prove that they and the Defendant are the members of the Joint Hindu Family? |
| **મુદ્દા નંબર–૨** | Whether the Plaintiff prove that the Suit properties are the ownership of Joint Hindu Family? |
| **મુદ્દા નંબર–૩** | Whether the Plaintiff prove that they have 1/4 Share in the suit Properties? |
| **મુદ્દા નંબર–૪** | Whether the Plaintiff prove that Defendants have illegal constructed on property no. 519? |
| **મુદ્દા નંબર–૫** | Whether the Plaintiff are entitled to get relief, as prayed for? |
| **મુદ્દા નંબર–૬** | What order and decree? |

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૨** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૩** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૪** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૫** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૬** | **આખરી હુકમ મુજબ** |

**: કારણો :**

**મુદ્દા નં. ૧ થી ૬–**

(૮) હાલનો દાવો સ્વ. જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીના વારસોએ તેમના હિસ્સાની વસો તાલુકાના રામોલ ગામના ખાતા નં.૩૦૦ પૈકી બ્લોક/સર્વે નં.૨૬૬ ની હે.આરે

૧–૬૨–૯૧ ચો.મી. ક્ષેત્રફળવાળી તેમજ બ્લોક/સર્વે નં.૨૬૬ ની હે.આરે ૦–૧૫–૪૬ ક્ષેત્રફળવાળી તેમજ બ્લોક/સર્વે નં.૪૫૩વાળી હે.આરે ૦–૨૩–૭૮ ક્ષેત્રફળ વાળી ખેતીની જમીનો તથા ગામમાં આવેલ ગ્રામ પંચાયત મિલકત નં.૫૧૯ વાળું રહેણાંકનું મકાન એમ તમામ મિલકતોમાં ૧/૪ હિસ્સો પોષાય છે તેવું ઠરાવી આપી, જમીનની મીટસ એંડ બાઉન્ડથી પાર્ટીશન કરી પ્રતિવાદી પાસેથી તેનો શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો મેળવવા માટે તથા આ ચારેય મિલકતમાં તેમના ૧/૪ ભાગમાં પોતાનું નામ દાખલ કરવા વાદી હાલનો દાવો લાવેલ છે. વધુમાં વાદીએ તેવી દાદ માંગેલ છે કે, પ્રતિવાદી વાદીના મકાનની ઉત્તર ભાગના કબજાને હાનિ પહોંચાડવા હક્કદાર નથી તેમજ વાદીને મિલકત નંબર–૫૧૯ નો વાપર–ઉપયોગ કરતા અટકાવે નહી તેમજ મિલકત નંબર–૫૧૮ નું કોઈ પણ પ્રકારનું બાંધકામ મિલકત નંબર–૫૧૯ માં કરવા પ્રતિવાદી હક્કદાર નથી તેવું ઠરાવી આપી, પ્રતિવાદી સામે કાયમી મનાઈહુકમ મેળવવા અરજ કરેલ છે.

ત્યારબાદ આંક–૧૭ થી પ્રતિવાદી તરફે દાવાનો જવાબ રજૂ રાખવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદી તેમજ પ્રતિવાદીએ એક જ કુટુંબના સભ્યો છે અને પક્ષકારોના દાદી નર્મદાબહેન છોટાભાઈ ત્રિવેદીનું અવશાન આશરે વીસેક વર્ષ પહેલા થયેલ છે અને તેમનું અવશાન થયું તે પહેલા વાદીના પિતા જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીનાઓ તથા રતિભાઈ છોટાભાઈ ત્રિવેદી અલગ રહેવા ગયેલ અને તેમણે તેમના પૂજાના સ્થાન પણ અલગ બનાવેલા અને તેમની રસોઈ પણ અલગ રસોડે બનતી હતી અને તે રીતની વ્યવસ્થા હાલ પણ ચાલુ છે. ગુજરનાર નર્મદાબહેન મરણ ગયા ત્યાંસુધી તેમની દવા–દારૂનો તમામ ખર્ચ તથા ભરણ–પોષણનો ખર્ચ પ્રતિવાદી નં.૧ નાઓ કરતા હતા અને તેમની મરણોત્તર ક્રિયાનો ખર્ચ પણ પ્રતિવાદી નં.૧ નાઓએ એકલાએ કરેલ છે. તેઓ પ્રતિવાદીની સાથે રહેતા હતા. તેજ રીતે પક્ષકારોના કાકા લક્ષ્મીશંકરભાઈ તથા તેમના પત્ની શાંતાબેન કે જેઓ નિર્વંશ હતા અને તેઓ પણ પ્રતિવાદી સાથે રહેતા હતા. જેથી તેમની સેવા–ચાકરી તથા દવા–દારૂનો ખર્ચ પણ પ્રતિવાદીઓએ કરેલ છે અને અવસાનની મરણોત્તર ક્રિયાની વિધિનો ખર્ચ પણ પ્રતિવાદી નં.૧ નાઓએ કરેલ છે. હાલમાં પ્રતિવાદી નં.૩ પણ પ્રતિવાદી નં.૧ સાથે રહે છે અને પ્રતિવાદી નં.૧ દ્વારા પ્રતિવાદી નં.૩ ની સાર–સંભાળ, સેવા–ચાકરી તથા દવા–દારૂનો ખર્ચ વર્ષોથી કરતાં આવેલ છે. પ્રતિવાદી નં.૩ અપરિણીત હોય પ્રતિવાદી નં.૧ સિવાય બીજુ કોઈ તેમની દરકાર

કરતુ નથી. વાદી ઘણા સમયથી આણંદ ખાતે રહે છે. પ્રતિવાદી નં.૧ નાઓ ઘર નંબર–૫૧૯ માં નીચેના ભાગે રહે છે જ્યારે પ્રતિવાદી નં.૨ નાઓ ઉપરના માળે રહે છે. ઘર નંબર–૫૧૯ વાળી મિલકતનો ચોક તથા રસ્તો બરાબર સામે પડે છે જે સીધો ફળિયાના રાજમાર્ગ સાથે જોડાય છે જે મિલકત વાદી તથા પ્રતિવાદીઓની સહિયારી છે. પ્રતિવાદીએ વાદીને તેમના ઘર નંબર–૫૧૯ માં હિસ્સો મેળવી લેવા નોટિસ આપેલ છે. જેનો વાદીએ ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. મિલકત નંબર–૫૧૯ ની બાજુમાં મિલકત નંબર–૫૧૮ આવેલ છે. આ મકાનમાં પ્રતિવાદીઓ રિનોવેશન કરાવી રહેલ છે. આ રિનોવેશન કરાવવા માટે પંચાયતની કોઈ પરવાનગીની જરૂર નથી. આમ, પક્ષકારોના પિતા છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીનાઓને કુલ ૫ દિકરા હતા અને તેમના પત્ની નર્મદાબા હયાત હતા તે વખતે તેમની હયાતીમાં પક્ષકારો વચ્ચે મિલકતની વહેંચણી થઈ ગયેલી. આમ, ૫ પુત્રો અને નર્મદાબાનો એમ થઈ દરેકનો ૧/૬ હિસ્સો મિલકતમાં આવેલ છે. આમ, વાદી પણ સદર મિલકતમાંથી છઠ્ઠા ભાગનો હિસ્સો મેળવવા હક્કદાર છે. જે તેઓને પિતાની હયાતીમાં આપી દીધેલ છે જેથી તેઓ દાવામાં જણાવેલ ઘર તથા ખેતીની જમીનોમાં વધારાનો કાયદેસરનો કોઈ હક્ક–હિત ધરાવતા નથી. અમો પક્ષકારોની સંયુક્ત માલિકીની વાદીએ જણાવેલ ૨૦૦ ગુંઠા જમીન પૈકીની બ્લોક નંબર–૪૫૩ વાળી ૨૪ ગુંઠા જમીન ચંદુભાઈ લલ્લુભાઈને આપી દીધેલ હોય સંયુક્ત માલિકીની ૧૭૬ ગુંઠા જમીન હાલમાં અમો વાદી તથા પ્રતિવાદીઓના કબજામાં છે. જે પૈકીની બ્લોક નંબર–૨૬૬ વાળી જમીનમાંથી ૨૪ ગુંઠા જમીન તથા ૨૬૬/બ માંથી ૫ ગુંઠા જમીન વાદીના પિતાએ અન્યને વેચાણ આપવાની પેરવી કરતા પ્રતિવાદી નં.૧ નાએ તેમની પાસેથી વેચાણ લઈ લીધેલ જેથી વાદીના હિસ્સામાં વાદી છઠ્ઠા ભાગની જમીનમાંથી વાદી ઉપજ–નીપજ મેળવી તેનો વાપર–ઉપયોગ કરે છે. આમ, પિતાના અવસાન પછી ખોટી તકરારો ઉભી કરી હાલનો દાવો લાવેલ હોય, વાદીનો દાવો ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

ત્યારબાદ આંક–૨૪ થી વાદી તરફે કાઉન્ટર એફિડેવિટ રજૂ કરવામાં આવે છે. જેમાં વાદીએ પોતાની દાવાઅરજીની વિગતોને સમર્થન કરતી વિગતો જણાવેલ છે તેમજ પ્રતિવાદીના દાવાજવાબની વિગતોનો ઈન્કાર કરેલ છે. વાદીએ પોતાની દાવા અરજીના સમર્થનમાં આંક–૩ વાળા દસ્તાવેજી પુરાવા લિસ્ટથી આંક–૪૩ થી ૬૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. જે વંચાણે લીધા.

(૯) ત્યારબાદ આંક–૪૦ થી દાવાના ન્યાય–નિર્ણય અર્થે મારા પુરોગામી સાહેબશ્રી દ્વારા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નંબર–૧ થી ૪ ની સાબિતીનો બોજો વાદીના શિરે છે. મુદ્દા નં.૧ અન્વયે નોંધવાનું કે, વાદીએ સાબિત કરવાનું છે કે, પક્ષકારો હિન્દૂ અવિભક્ત કુટુંબના સભ્યો છે. તેમજ મુદ્દાનંબર–૨ અન્વયે તેઓએ સાબિત કરવાનું છે કે, દાવાવાળી મિલકત તે હિન્દૂ અવિભક્ત કુટુંબની માલિકીની મિલકત છે. આ બન્ને મુદ્દાઓની એક–બીજા સાથે ચર્ચા કરતા નોંધવાનું કે આંક–૪૦ થી વાદીએ પોતાની દાવાઅરજીના સમર્થનમાં સરતપાસનું સોગંદનામું રજૂ રાખેલ છે. જેમાં તેઓએ પોતાની દાવા–અરજીની વિગતોને સમર્થન આપેલ છે. તેઓની વિગતવારની ઉલટતપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં વાદી સ્વીકારે છે કે, મારા પિતાજી જયંતીભાઈ છોટાભાઈ ત્રિવેદીને તેઓ મળીને કુલ પાંચ ભાઈઓ છે. તેમના પિતા તા.૩૧/૦૫/૨૦૧૮ ના રોજ ગુજરી ગયેલ છે. તેમના પિતાજી ગુજરી ગયા ત્યારે તેઓ રામોલ મુકામે રહેતા હતા અને આણંદ મુકામે ડી.એન. હાઈસ્કુલમાં નોકરી કરતા હતા. તેઓ રામોલથી અપડાઉન કરતા હતા. તે વખતે તેમને તથા પ્રતિવાદીઓના રસોડા તેમજ સેવા–પૂજાના સ્થાન અલગ હતા. તેમના કાકા લક્ષ્મીશંકરભાઈ અને શાંતાકાકી થલેડી મુકામે રહેતા હતા અને તેઓ નિર્વંશ હતા. તેઓને તે વાતની ખબર નથી કે, શાંતાકાકી ગુજરી ગયા બાદ લક્ષ્મીશંકર કાકા રામોલ મુકામે રહેવા આવેલા. વધુમાં તેઓ સ્વીકાર કરે છે કે, લક્ષ્મીશંકર કાકા બિમાર પડેલા ત્યારે વાદીની નોકરી ચાલુ હતી. વાદી હોસ્ટેલના રેક્ટર કમ સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. આ નોકરી ૨૪ કલાકની હોય છે. જે ૧૨–૧૨ કલાકની પાળીમાં ફરજ બજાવવાની હોય છે. વાદીને હાલમાં તમારા પિતાજી વખતથી કઈ જમીન ખેડો છો ? તેવો પ્રશ્ન પૂછવામાં આવતા વાદી ત્યારે તેઓ જણાવે છે કે, સર્વે નંબર–૨૬૬ માંથી મૌખિક રીતે ૨૩ ગુંઠા જમીન આવેલ તે મારા પિતાજીના વખતથી ખેડીએ છીએ. વધુમાં તેઓ સ્વીકારે છે કે, સુમનભાઈ છોટાભાઈ ત્રિવેદી અને ભનુભાઈ રમણભાઇ ત્રિવેદી બન્ને પહેલા ઘણા વર્ષોથી સાથે રહે છે. તેમને તે વાતની ખબર નથી કે ભનુભાઈ રમણભાઈ ત્રિવેદી સુમનભાઈના દવા–દારૂનો ખર્ચ ભોગવે છે. તેમજ જમવાની વ્યવસ્થા કરે છે. વધુમાં તેમને તે વાતની ખબર નથી કે, સર્વે નં.૪૫૩ વાળી જમીન તેમના પિતા તથા કાકાઓએ ચંદાભાઈ લલ્લુભાઇ સોલંકીને આપી દીધેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, દાવાવાળું મકાન ૨ માળનું બાંધકામ કરેલ છે. વધુમાં તેવો પ્રશ્ન પૂછવામાં આવેલ છે કે, તેઓને સર્વે નં.૪૫૩ વાળી જમીન

આપે તો તમે લેવા તૈયાર છો ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, સર્વે નં.૨૬૬ માં મારા પિતા ૨૩ ગુંઠા જમીન ખેડતા હતા. તે સિવાય આ સિવાય આ સર્વે નંબરમાં ૨૭ ગુંઠા જમીન આપે તો અમો લેવા તૈયાર છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ જે રસ્તો સાંકડો થઈ ગયેલ હોવાનું હોવાનું જણાવે છે કે, રસ્તો હાલમાં મકાન નંબર–૫૧૮ અને મકાન નંબર–૫૧૯ માં આવેલો છે. આમ, વાદીની ઉલટતપાસ પરથી તેમના પિતા સહિત કુલ ૫ ભાઈઓ હોવાનું જણાઈ આવે છે. તેમજ વાદીના કાકા લક્ષ્મીશંક–રભાઈ, શાંતાકાકી તથા સુમનભાઈનાઓ પ્રતિવાદી નં.૧ સાથે રહેતા હતા અને તેમના દવા–દારૂનો તથા ભરણપોષણનો ખર્ચ પણ પ્રતિવાદી નં.૧ નાઓ કરતા હતા. તેવું જણાઇ આવે છે. જ્યારે સર્વે નં.૪૫૩ વાળી જમીન વાદીના પિતા તથા કાકાઓએ ચંદાભાઈ લલ્લુભાઇ સોલંકીને આપી દીધેલ હોવાનું પણ વાદીની જુબાની પરથી સ્પષ્ટ થાય છે.

ત્યારબાદ આંક–૭૬ થી વાદી તરફે પુરાવો પૂરો થયાની પુરસીસ રજૂ રાખવામાં આવેલ છે.

ત્યારબાદ આંક–૭૯ થી પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજૂ છે જેમાં તેઓએ આંક–૮૨ થી ૮૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. જે વંચાણે લીધા. ત્યારબાદ આંક–૮૦ થી પ્રતિવાદી ભાનુભાઈ રમણભાઈ ત્રિવેદીનું સરતપાસનું સોગંદનામું રજૂ છે. જેમાં તેઓએ પોતાના દાવાજવાબની વિગતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. તેઓની વિગતવારની ઉલટતપાસ વાદીના વિ.વ.શ્રી દ્વારા લે–વામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે, છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીની પત્નીનું નામ નર્મદાબેન હતુ. આ છોટાભાઈ તેમના દાદા થાય છે અને તેઓનું અવસાન પચાસેક વર્ષ પહેલા થયેલ છે તેમજ નર્મદાબેન ૨૦ થી ૨૨ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. છોટાભાઈ અને નર્મદાબેનને સંતાનમાં કુલ ૫ દિકરા હતા. જે પૈકી રમણભાઇ ગુજરી ગયેલ છે. લક્ષ્મીશંકરભાઈ નિર્વંશ ગુજરી ગયેલ છે. રતિલાલભાઈ ગુજરી ગયેલ છે. જ્યારે સુમનભાઈ આ દાવામાં પ્રતિવાદી નંબર–૩ તરીકે છે. તેઓ હયાત છે તેમજ જયંતિભાઇ સને–૨૦૧૮માં ગુજરી ગયેલ છે. આ દાવાના વાદીઓ અને પ્રતિવાદીઓ ગુજરનાર છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીના વારસો છે. હાલના દાવામાં કોઈ વારસદાર ખોટો બતાવેલ હોય કે જોડવાનો રહી ગયેલ હોય તેવું નથી. આ છોટાભાઈ ગણપતભાઇએ તેમની મિલકતો માટે કોઈ વીલ બનાવેલ નથી. છોટાભાઈની મિલકતમાં રામોલ ગામમાં ટાંકી ફળીયાવાળું ઘર જેનો મિલકત નં.૫૧૯

છે તે આવેલ છે. લક્ષ્મીશંકરભાઈ ગુજરી ગયા તે પહેલા છોટાભાઈના પાંચ દિકરાઓ વચ્ચે ઘરની વહેંચણી કરેલ હોય તેવું બનેલ નથી. પાછળથી સાહેદ જણાવે છે કે, લખાણ કરી વહેંચણી કરેલ હોય તેવું બનેલ નથી. મૌખિક વહેંચણી કરેલ છે. જે મૌખિક વહેંચણી મુજબ મિલકત નં.૫૧૯ વાળા મકાનના એક હિસ્સામાં રમણભાઈનો પરિવાર અને સુમનભાઈ તથા બીજા હિસ્સામાં રતિલાલભાઈનો પરિવાર તથા ત્રીજા હિસ્સામાં જયંતિભાઈનો પરિવાર રહેતો હતો. તેવી વ્યવસ્થા કરેલી. વર્ષો પછી તેમાં ફેરફાર કરી, જયંતિભાઇને મિલકત નં.૫૧૮ ના પૂર્વ ભાગમાં રહેવા આપેલો. વધુમાં તેઓ સ્વીકારે છે કે, મિલકત નં.૫૧૮ વાળી મિલકતનું ક્ષેત્રફળ મિલલત નં.૫૧૯ જેટલુ છે. અગાઉ મકાન નં.૫૧૮ મિલકત જગન્નાથ ઉમિયાશંકર ના નામે ચાલતી હતી. જેનો જેનુ નંબર–૪૧૦ હતો. તેમજ મિલકત નં.૫૧૯ વાળી મિલકતનો જુનો નંબર–૪૧૧ હતો. સને–૧૯૬૧ ના વર્ષમાં જગ્ગનાથ ઉમિયાશંકર વાળુ મકાન નં.૪૧૦ નો મકાન નં.૪૧૧ આપવામાં આવેલ અને તે જ રીતે છોટાભાઈ ગણપતભાઈના જુના મકાન નં.૪૧૧ નો મકાન નં.૪૧૨ આપવામાં આવેલ. આમ, મકાન નં.૪૧૧ વાળી મિલકત જગન્નાથ ઉમિયાશંકર વાળી હતી. જેમાં તા.૧૬/૦૯/૧૯૭૨ ના ઠરાવ નં.૩ થી રમણભાઈ છોટાભાઈનું નામ દાખલ કરવામાં આવેલું. જગન્નાથ ઉમિયાશંકર પાસેથી પ્રતિવાદીના પિતા રમણભાઈએ આ મિલકત ખરીદેલ હોય તેવો કોઈ વેચાણ દસ્તાવેજ રજૂ નથી તેમજ આ જગન્નાથ ઉમિયાશંકરવાળુ મકાન કે જેનો હાલ નવો નંબર–૫૧૮ છે તે ટ્રાન્સફર થવા બાબત કોઈ વીલ વારસાઈ, વેચાણ, બક્ષીસ કે કોર્ટ ઓર્ડર રજૂ રાખેલ નથી. મિલકત નં.૫૧૮માં છોટાભાઈ ગણપતભાઈના તમામ વારસોના નામ દાખલ ન થવા બાબતનું કારણ પૂછતા પ્રતિવાદી જણાવે છે કે, તેમના પિતાશ્રીએ કહેલ કે, આ મિલકત આપણે ખરીદેલ છે. જેથી આ મિલકત તેમના પિતા રમણભાઈના નામે ચઢેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, વાદી અશ્વિનભાઈએ મિલકત નં.૫૧૯માં તેમના પિતા જયંતિભાઈનું નામ દાખલ કરાવેલું તે સમયે છોટાભાઈના તમામ હયાત વારસોના નામ ઉમેરવામાં આવેલા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, વાદી અશ્વિનભાઈ જે હિસ્સામાં રહે છે તે હિસ્સાની પાછળ મકાનનો વાડો આવેલ છે. આ વાડામાં કોમન જાજરૂ હતુ અને મૈયત રતિલાલના વારસો, મૈયત રમણભાઈના વારસો, મૈયત જયંતીભાઈના વારસો તથા સુમનભાઈ કોમન જાજરાનો ઉપયોગ કરતા હતા.વધુમાં પ્રતિવાદી સ્વીકારે છે કે, તેમના મકાન સિવાય ખેતીની જમીન આવેલી છે. સર્વે નં.૨૬૬ એ ૧૬૨ ગુંઠાનો

આવેલો છે. આ ત્રણેય સર્વે નંબરની આશરે ૨૦૨ ગુંઠા જેટલી જમીન થાય છે. દાવાવાળી મિલકતો છોટાભાઈના હયાત વારસોના ૪ હિસ્સાઓ પડે છે. મિલકત નં.૫૧૯માં જયંતિભાઈના વારસ તરીકે વાદીનો ૧/૪ હિસ્સો રહેલ છે. ખેતીની જમીનમાં પણ વાદીનો ૧/૪ હિસ્સો રહેલ છે. સર્વે નં.૨૬૬ની ૧૬૨ ગુંઠામાંથી ૨૪ ગુંઠા જમીન અશ્વિનભાઈ ખેડે છે. પ્રતિવાદીને તેવો પ્રશ્ન પૂછવામાં આવેલ છે કે, વાદી અશ્વિનભાઈ કુલ ૨૦૨ ગુંઠામાંથી ૫૧ ગુંઠાની જમીનના હક્કદાર છે. જેનો જવાબ તેઓ હકારમાં આપે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, મિલકત નં.૫૧૮ તથા ૫૧૯ વાળી મિલકતો જુદી-જુદી છે જે પૈકી નં.૫૧૯ વાળી મિલકત છોટાભાઈના મુળ માલિકી હક્કવાળી વારસાઈની મિલકત છે. આમ, વાદીની સમગ્ર ઉલટતપાસ પરથી જણાઈ આવે છે કે, છોટાભાઈ ગણપતભાઈનાઓના કુલ ૫ દિકરા હતા જે પૈકી લક્ષ્મીશંકરભાઈ નિર્વંશ ગુજરી ગયેલ છે. તેમજ વાદીના, પ્રતિવાદી નં.૧ ના તથા પ્રતિવાદી નં.૨ ના પિતા પણ ગુજરી ગયેલ છે. જ્યારે પ્રતિવાદી નં.૩ સુમનભાઈ અપરિણીત હયાત છે. મિલકત નં.૫૧૮ તથા ૫૧૯ બન્ને જુદી-જુદી મિલકતો આવેલ છે. જેમાં મિલકત નં.૫૧૮ તે પ્રતિવાદી નં.૧ ના પિતા રમણભાઈનાઓએ આગવી ખરીદેલ હોય તેમાં છોટાભાઈના તમામ વારસોના નામ ચઢેલ નથી. જ્યારે મિલકત નં.૫૧૯ પક્ષકારોની સહિયારી મિલકત આવેલી છે .

ત્યારબાદ આંક-૯૩ થી પ્રતિવાદી તરફે પુરાવો પૂરો થયાની પુરસીસ રજૂ રાખવામાં આવેલ છે. તેમજ આંક-૯૪ તથા ૯૬ થી પક્ષકારો તરફે તેઓની લેખિત દલીલો રજૂ રાખવામાં આવેલી છે. આમ, રજૂ તમામ પુરાવાઓ ધ્યાને લેતા દાવાવાળી મિલકત છોટાભાઈ ગણપતભાઈનાઓની માલિકીની આવેલી હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. જેઓ હાલના વાદી-પ્રતિવાદીઓના દાદા થતા હોવાનું પણ જણાઈ આવે છે. આમ, સદર મિલકત છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદી અને તેમના પત્ની અને ૫ દિકરાઓના પરિવારની સહિયારી મિલકત આવેલ હોય આ મિલકત હિન્દૂ અવિભક્ત કુટુંબની સંયુકત માલિકીની મિલકત આવેલી છે. તેવું સાબિત થાય છે. તેમજ આ કુટુંબના દરેક સભ્યો હિન્દૂ અવિભકત કુટુંબના સભ્ય હોવાનું સાબિત થાય છે. **જે ધ્યાને લેતા મુદ્દા નંબર-૧ તથા મુદ્દા નંબર-૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**(૧૦)** મુદ્દા નંબર-૩ પરત્વે નોંધવાનું કે, દાવાવાળી મિલકતમાં વાદીનો ૧/૪ ભાગ આવેલ છે. જે અંગે આંક-૪૩ થી રજૂ છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીની વારસાઈ

અંગેનું પેઢીનામું વંચાણે લેતા છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીનાઓને પાંચ પુત્રો આવેલ હોવાનું જણાઈ આવે છે. જેમાં લક્ષ્મીશંકરભાઇ નિર્વંશ અવસાન પામેલ હોવાનું પણ રેકર્ડ ઉપરથી જણાઇ આવે છે. તેઓએ પોતાની હયાતીમાં મિલકતનો પોતાનો હિસ્સો અન્ય પરિવારના સભ્યોની તરફેણમાં જતો કરેલ હોય કે પોતાનો હિસ્સો અન્ય કોઈને વીલ કે અન્ય કોઈ રીતે તબદિલ કરેલ હોય તેવું રજૂ આધાર પુરાવાઓ પરથી જણાઈ આવતું નથી. આમ, લક્ષ્મીશંકરભાઈ નિર્વંશ અવસાન પામતા તેમના હિસ્સાની મિલકત તેમની સીધી લીટીના વારસદારોની ગેરહાજરીમાં તેમના આડી લીટીના વારસદારોને મળવાપાત્ર હોવાનું કાયદેસર રીતે જણાઈ આવે છે તેજ રીતે નર્મદાબેનનું અવસાન થતા તેમનો ભાગ પણ તેમના પુત્રોને સરખે હિસ્સે મળવાપાત્ર હોવાનું જણાઈ આવે છે. આમ, છોટાભાઈ ગણપતભાઇ ત્રિવેદીની મિલકતના ૧)રમણભાઈ , ૨)રતિલાલભાઈ , ૩)સુમનભાઈ તથા ૪)જયંતિભાઈ એમ કુલ ૪ વારસદારોને કાયદેસર રીતે પોતાનો હિસ્સો સરખે હિસ્સે મેળવવા હક્કદાર હોવાનું જણાઈ આવે છે. આમ, ઉપરોક્ત પ્રત્યેક વારસદારોના છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીની મિલકતમાં ૧/૪ ભાગ આવેલ હોવાનું સાબિત થાય છે. જે પૈકી વાદી જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીના વારસદારો છે. તેઓ પણ દાવાવાળી મિલકતમાંથી ૧/૪ ભાગ મેળવવા હક્કદાર થાય છે. ખુદ પ્રતિવાદીએ પણ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, મિલકત નં.૫૧૯ માં જયંતિભાઇના વારસ તરીકે વાદીનો ૧/૪ હિસ્સો રહેલ છે. આમ, રજૂ પુરાવા પરથી મુદ્દા નંબર-૩ સાબિત કરવામાં વાદી સફળ રહેલ હોય, **મુદ્દા નંબર-૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૧૧) મુદ્દા નંબર-૪ પરત્વે નોંધવાનું કે, પ્રતિવાદીઓએ મિલકત નંબર-૫૧૯ માં કરેલ બાંધકામ ગેરકાયદેસર છે તેવું વાદીએ અત્રે સાબિત કરવાનું છે. જે અંગે વાદીએ રજૂ રાખેલ પુરાવાઓ ઉપરથી મિલકત નં.૫૧૮ તથા ૫૧૯ જુદી-જુદી હોવાનું સાબિત થાય છે. તેમજ મિલકત નં.૫૧૮ રમણભાઇ છોટાભાઈ ત્રિવેદીનાઓની આગવી તથા સ્વતંત્ર માલિકીની આવેલી હોવાનું પણ વાદીની ઉલટતપાસ પરથી સાબિત થાય છે. જ્યારે મિલકત નં.૫૧૯ પક્ષકારોની સહિયારી આવેલી હોવાનું જણાઈ આવે છે. આમ, મિલકત નંબર-૫૧૯ માં પણ વાદીનો ૧/૪ હિસ્સો આવેલો છે. પ્રતિવાદી નં.૧ દ્વારા પોતાની આગવી માલિકીની મિલકત નં.૫૧૮ માં જે કોઈ પણ બાંધકામ

કરવામાં આવે તે તેઓએ કાયદાની મર્યાદામાં રહી અને મિલકત નં.૫૧૯ માં કોઈપણ પ્રકારનું દબાણ કે પેશકદમી ન થાય તે રીતે કરવું જોઈએ. આમ, પ્રતિવાદી નંબર–૧ દ્વારા જે મિલકત નં.૫૧૯ માં કોઈ પણ પ્રકારે દબાણ કરી બાંધકામ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહેલ હોય તો તે સ્પષ્ટ રીતે ગેરકાયદેસર ગણી શકાય. આમ, મિલકત નં.૫૧૯ માં આવેલ પાછળના ભાગે આવેલ જાજરૂ વાળુ બાંધકામ કે જેનો ઉપયોગ તમામ પક્ષકારો ભૂતકાળમાં કરતા હતા. ત્યા જે કઈ પણ બાંધકામ કરવામાં આવી રહેલ છે તે ગેરકાયદેસર રીતે કરતા હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવતું હોય, **મુદ્દા નંબર–૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**(૧૨)** મુદ્દા નંબર–૫ પરત્વે નોંધવાનું કે, વાદીએ પોતાની દાવાઅરજીના પેરા–૦૭ માં જુદી–જુદી દાદ માંગેલ છે. જેમાં સૌપ્રથમ તેઓએ સ્વ.જયંતિભાઈ છોટાભાઈ ત્રિવેદીનો વસો તાલુકાની રામોલ ગામની ખાતા નં.૩૦૦ પૈકી સર્વે નં.૨૬૬ કે જેનું ક્ષેત્રફળ ૧–૬૨–૯૧ વાળી ખેતીની જમીનમાં ૧/૪ હિસ્સો પોષાય છે, તેવું ઠરાવી આપવાની દાદ માંગેલ છે. તેમજ તેઓએ ખાતા નં.૩૦૦ પૈકી બ્લોક/સર્વે નં.૩૬૬–બ કે જેનું ક્ષેત્રફળ ૦–૧૫–૪૬ છે તે જમીનમાં પણ તેમનો ૧/૪ હિસ્સો પોષાય છે, તેવું ઠરાવી આપવાની દાદ માંગેલ છે. તેમજ બ્લોક/સર્વે નં.૪૫૩ કે જેનું ક્ષેત્રફળ ૦–૨૩–૭૮ વાળી ખેતીની જમીનમાં પણ તેમનો ૧/૪ હિસ્સો પોષાય છે, તેવી દાદ માંગેલ છે. તેમજ રામોલ ગામના મકાન નં.૫૧૯ વાળુ રહેણાંકનું મકાનમાં પણ તેમનો ૧/૪ હિસ્સો પોષાય છે તેવી દાદ માંગેલ છે અને આ ચારેય મિલકતોમાંથી તેમનો ૧/૪ હિસ્સો અલગ કરી તેની વહેંચણી કરી શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો વાદીને સોંપાવી અપાવવાની દાદ માંગેલ છે. તેમજ મિલકત નં.૫૧૮ નું કોઈપણ બાંધકામ મિલકત નં.૫૧૯ની જગ્યામાં કરવા પ્રતિવાદી હક્કદાર નથી. તેવું ઠરાવી આપી, પ્રતિવાદી સામે કાયમી મનાઈહુકમની તેઓએ દાદ માંગેલ છે. જે અંગે નોંધવાનું કે, ઉપર મુદ્દા નંબર–૧ થી ૪ ની ચર્ચા કરી તે મુજબ દાવાવાળી મિલકતમાં વાદીઓ તથા પ્રતિવાદીઓ ૧/૪ હિસ્સો વારસાઈ દરજ્જે ધરાવતા હોવાનું સાબિત થાય છે. જેથી તમામ દાવાવાળી મિલકતમાંથી વાદી ૧/૪ હિસ્સો મેળવવા હક્કદાર હોવાનું આથી ઠરાવી આપવું યોગ્ય જણાય છે. એટલે જ વાદીને તેમના હિસ્સાની મિલકતનો ભાગ જુદો કરી પ્રતિવાદીઓ દ્વારા સોંપી આપવામાં આવે તે ન્યાયના હિતમાં યોગ્ય જણાય છે જે ધ્યાને લેતા, **મુદ્દા નંબર–૫ નો જવાબ હકારમાં આપી,**

મુદ્દા નંબર–૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયના હિતમાં ઉચિત જણાઈ છે.

## –:: <u>આખરીહુકમ</u> ::–

(૧) આથી, વાદીનો હાલનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) મોજે રામોલ, તા.વસો, જિ.ખેડા ખાતે આવેલ છોટાભાઈ ગણપતભાઇ ત્રિવેદીનાઓની કુલ મિલકતમાં વાદીઓનો ૧/૪ હિસ્સો આવેલો છે તેવું આથી ઠરાવી આપવામાં આવે છે.

(૩) મોજે રામોલ, તા.વસો, જિ.ખેડા મુકામે આવેલ છોટાભાઈ ગણપતભાઇ ત્રિવેદીની ખેતીની તમામ જમીનોમાંથી વાદીના ખર્ચે વાદીનો ૧/૪ હિસ્સો જુદો કરી, સરસ–નરસ કકડાવાર વહેંચણી કરી, શાંત, ખાલી અને પ્રત્યક્ષ રીતે વાદીને સોંપી આપવાનો આથી જિલ્લા કલેક્ટરશ્રી, ખેડાનાઓને હુકમ કરવામાં આવે છે.

(૪) મોજે રામોલ. તા.વસો, જિ.ખેડા મુકામે આવેલ મકાન નં.૫૧૯ વાળા રહેણાંક મકાનમાંથી વાદીનો ૧/૪ હિસ્સો જુદો કરી તેનો શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજો વાદીને સોંપી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૫) મિલકત નં.૫૧૯ વાળી જગ્યામાં છોટાભાઈ ગણપતભાઈ ત્રિવેદીના કાયદેસરના ચારેય વારસદારોની સંમતિ વિના કોઈપણ પ્રકારનું બાંધકામ કરવા સામે આથી કાયમી મનાઈહુકમ ફરમાવવામાં આવે છે.

(૬) મિલકતની વહેંચણી અંગે પ્રાથમિક હુકમનામું દોરી તેની બજવણી અર્થે સક્ષમ સત્તાધિકારી સમક્ષ મોકલી આપવું

(૭) પ્રાથમિક હુકમનામાનું પાલન થયેથી પ્રાથમિક હુકમનામું આખરી હુકમનામું ગણવું.

(૮) દાવાનો ખર્ચ પક્ષકારોએ પોતપોતાનો ભોગવવો.

આ હુકમ આજરોજ તારીખ ૨૫ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વસો (સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
તા.૨૫– ૦૩ –૨૦૨૬ મુખ્ય સીવીલ જજ, વસો
(કોડ નં.જી.જે.૦૧૪૨૫ )